# અરવલ્લીમાં ખેડૂતો અને ગ્રાહકોની નિરાશાના પગલે ખેડૂત ગ્રાહક બજારમાં પ્રથમગ્રાસે મક્ષિકા

## મોડાસામાં ફક્ત એક જ ખેડૂત શાકભાજી લઈને પહોંચ્યો : ગ્રાહકો ન ડોકાયા

મોડાસા, તા. ૧૧

અરવલ્લી જિલ્લામાં શાકભાજી-ફળોના સીધા વેચાણ અર્થે ખેડૂત ગ્રાહક બજારનું નિર્માણ કરવામાં આવ્યું હતું. જિલ્લાના ૬ તાલુકા મથકોએ ખેડૂતોને માર્કેટયાર્ડના માધ્યમથી રવિવારે હંગામી ખેડૂત ગ્રાહક બજાર ઉભા કરવામાં આવ્યા હતા. ખેડૂતો અને ગ્રાહકોએ આ યોજનામાં નિરસતા દાખવતા ખેડૂત ગ્રાહક બજાર પ્રથમ ગ્રાસે મક્ષિકા જેવી સ્થિતિ પેદા થતા વહીવટીતંત્ર ઉંધા માથે પછડાયુ હોય તેવી સ્થિતિ પેદા થઈ હતી. જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરના ચાર રસ્તાને અડીને આવેલી પ્રાથમિક શાળામાં ઉભા કરાયેલા હંગામી ખેડૂત ગ્રાહક બજારમાં ફક્ત ૧ જ ખેડૂત શાકભાજી લઈને પહોંચ્યો હતો. તદ્ઉપરાંત ગ્રાહકો પણ ન ડોકાતા ખેડૂત ગ્રાહક બજારની સફળતા સામે અનેક પ્રશ્નાર્થે પેદા થયા છે.

ખેડૂતો પોતાનો માલ વેપારી કમિશન એજન્ટોના માધ્યમથી છૂટક વેપારીઓને વેચે છે. ના છુટકે ખેડૂતોને શાકભાજી અને ફળની ઓછી કિંમતો મળે છે. તેમજ શાકભાજી કે ફળો વધારે સમય પાકી ગયા પછી સાચવવામાં ખેડૂતોએ ભારે મુશ્કેલી અનુભવાની સાથે યોગ્ય સમયગાળામાં વેચાણ કરી દેવુ પડતુ હોય છે. તેમજ હાલના સંજોગોમાં ચલણી નોટોના અછતના કારણે ખેડૂતોને પોતાના ફળ અને શાકભાજીના વેચાણમાં ખુબ જ માઠી અસર પડેલ છે. નોટબંધીના પગલે ખેડૂતોની હાલત કફોડી બનતા અને જથ્થાબંધ વેપારીઓ દ્વારા ખેડૂતોને ચૂકવવા નાણાની અવ્યવસ્થાના પગલે ખેડૂતો અને ગ્રાહકોને ફાયદો થાય તે માટે અરવલ્લી જિલ્લામાં રવિવારે માર્કેટયાર્ડના સહયોગથી મોડાસાના હાર્દસમા ચાર રસ્તા નજીક આવેલી પ્રાથમિક શાળામાં હંગામી ખેડૂત ગ્રાહક બજારનું આયોજન કરી બજાર ઉભુ કરવા જગ્યા ફાળવવામાં આવી હતી. યોગ્ય જાહેરાતના પગલે ખેડૂતો અને ગ્રાહકો મોટી સંખ્યામાં ખેડૂત ગ્રાહક બજારનો ફાયદો મળે તેની સંપૂર્ણ તકેદારી રાખવામાં આવી હોવા છતાં રવિવારે ભરાયેલા ખેડૂત ગ્રાહક બજારમાં સ્પષ્ટ નિષ્ફળ રહેવાની શંકા પેદા થઈ હતી. ફક્ત એક જ વેપારી શાકભાજી લઈને વેચાણ અર્થે પહોંચ્યો હતો. તદ્ઉપરાંત ગ્રાહકો પણ ન ફરકતા આગામી સમયમાં ખેડૂત ગ્રાહક બજારને સફળતા મળશે કે નહિ તે અંગે જરૂર વિચાર કરવાની જરૂર પડે છે.

મોડાસા ખેડૂત ગ્રાહક બજારમાં શાકભાજી લઈનો પહોંચેલા ખેડૂતના જણાવ્યા અનુસાર ફાળવેલ જગ્યાના બદલે બહાર ઉભો હતો ત્યારે સારા પ્રમાણમાં ગ્રાહકોએ ખરીદવામાં રસ દાખવ્યો હતો. પરંતુ ફાળવેલ જગ્યાએ ગ્રાહકો બપોરે બે વાગ્યા સુધી ૧૦ જેટલા જ ખરીદી કરવા આવ્યા હોવાનું જણાવ્યું હતું.



### ખેડૂત ગ્રાહક બજારમાં ખેડૂતે નીચા ભાવ રાખવા છતા નિષ્ફળતા

| | |
|---|---|
| કોબીજ | ૧૦ રૂ. પ્રતિ કિલો |
| ફ્લાવર | ૧૦ રૂ. પ્રતિ કિલો |
| રીંગણ | ૫ રૂ. પ્રતિ કિલો |
| વાલોળ | ૨૦ રૂ. પ્રતિ કિલો |
| ટામેટા | ૧૦ રૂ. પ્રતિ કિલો |
| દૂધી | ૧૦ રૂ. પ્રતિ કિલો |
| આદુ | ૪૦ રૂ. પ્રતિ કિલો |

# મોડાસામાં ઈદે મિલાદ પર્વની દબદબાભેર ઉજવણીની તૈયારીઓ પૂર્ણ

સમસ્ત દુનિયામાં ઈસ્લામ ધર્મના સ્થાપક હઝરત મહંમ્મદ પયગમ્બર સાહેબના જન્મદિનની સોમવારે ઉજવણી છે તે અંતર્ગત અરવલ્લી જિલ્લા અને મોડાસા શહેરમાં મુસ્લિમ બિરાદરો દ્વારા આ પર્વ હોંશભેર, શાંતિપૂર્ણ માહોલ અને અમનો-અમનમાં ઉજવાય તે માટે પુરજોશમાં અપીલ કરવાની સાથે સમગ્ર જિલ્લાના મુસ્લિમ વિસ્તારો અને મસ્જીદો રોશનીથી શણગારની તૈયારીઓ પુર્ણ કરી દેવામાં આવી છે. રાષ્ટ્રના શાંતિ-સલામતિ માટે અમનની પ્રાર્થના ગુજારાશે. ૧૨મી ડિસેમ્બર ૨૦૧૬ના રોજ ઈસ્લામ ધર્મના સ્થાપક અને અંતિમ નબિ મોહંમ્મદ પયગમ્બર સાહેબના જન્મદિવસની ઉજવણી વેળા મોડાસા શહેર ઈદેમીલાદ કમીટી દ્વારા આ અવસરને શાતિપૂર્ણ માહોલમાં ઉજવવા તમામ અકીદત મંદોને જણાવવામાં આવ્યુ હતુ. ઈદે મિલાદે નિકળનાર ઝુલુસમાં શાંતિ-શિસ્ત અને અદબ જાળવવા હાકલ કરી હતી. આ પ્રસંગે વતન પ્રેમ એકતા એખલાશ સાથે દેશમાં સર્વત્ર શાંતિ અને સદભાવના બળવત્તર બને તે માટે ખાસ દુઆઓ આ દિવસે ગુજારવામાં આવશે.

ઈદે મિલાદ પર્વના સપ્તાહ પહેલા મોડાસા શહેરના મુસ્લિમ વિસ્તારો અને ધંધા-રોજગાર ધમધમતા હોય તદઉપરાંત લઘુમતિ વ્યક્તિઓને તેમના ઘરે, મોહલ્લા અને મસ્જીદોમાં રોશનીથી શણગારતા મોડાસા શહેર જાણે રોશનીથી ઝગમગી ઉઠ્યુ હોય તેવો માહોલ સર્જાયો હતો.

# ઈડર રાષ્ટ્રીય અંધજન મંડળ અંધ મહિલા ક્રિકેટ ટીમ ગુજરાત રાજ્યમાં દ્વિતીય સ્થાને વિજેતા



ભિલોડા, તા. ૧૧

સાબરકાંઠા જીલ્લાના ઈડર રાષ્ટ્રીય અંધજન મંડળ અંધ મહિલા ક્રિકેટ ટીમ ગુજરાત રાજ્યમાં દ્વિતીય સ્થાને વિજેતા બનતાં આનંદની લાગણી પ્રસરી છે. ગુજરાત રાજ્ય રમત-ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ વલસાડ જીલ્લા વહીવટી તંત્ર અને ઓલ ઈન્ડીયા ક્રિકેટ એસોસીએશન ફોર ધ બ્લાઈન્ડ વાપી-મોટા પોંઢાના સંયુક્ત ઉપક્રમે ગુજરાત રાજ્ય અંધજન મહિલા ક્રિકેટ ટુર્નામેન્ટ મોટા પોંઢા વિસ્તારમાં યોજાઈ હતી. આ સ્પર્ધામાં જુનિયર બહેનો ૫ ટીમો અને સીનીયરમાં ૪ ટીમોએ ભાગ લીધો હતો. જુનિયર વિભાગમાં એન. એ. બી. વલસાડ ગોલ્ડ અને એન. એ. બી. સાબરકાંઠા જીલ્લા શાળા-ઈડર મહિલા ટીમ રનર્સ અપ બની હતી. આ ટીમને માર્ગદર્શન આપવામાં સંસ્થાના કર્મચારી મિનાક્ષીબેન દવે, દક્ષાબેન બ્રહ્મભટ્ટ, પરેશ રાવલ, જયેશ બાવા, કેતન શાહ, વસંત પંડ્યાએ યોગદાન આપ્યું હતું.

સમાપન સમારંભમાં વલસાડ જીલ્લા કલેક્ટર, એન. એ. બી. ઈન્ડીયા પ્રમુખ પ્રો. ભાસ્કરભાઈ મહેતા, ભારત અંધ હકીમ-ગુજરાતના સમીર મનસુરી, સ્વામીનારાયણ ગુરૂકુળ મોટા પોંઢાના સંતો, ગ્રામજનો, પ્રેક્ષકો મોટી સંખ્યામાં હાજર રહી વિજેતા મહિલા ટીમને અભિનંદન પાઠવ્યા હતા.

# ખંભીસરમાં હડકાયા કુતરાએ બે ને બચકા ભર્યા, બે ગાયોને પણ બચકા ભર્યા

મોડાસા, તા. ૧૧

અરવલ્લીના મોડાસા તાલુકાના ખંભીસર ગામે વહેલી સવારે હડકાયા કુતરાએ આતંક મચાવતાં ગામમાં અફડાતફડી મચી ગઈ હતી. વહેલી સવારે દૂધ કાઢવાના સમયે જ કુતરૂ હડકાયુ થતાં ગ્રામજનોમાં દોડાદોડ થઈ ગઈ ગતી. ખંભીસરના પટેલ વિકાસકુમાર મોહનભાઈ નામના પશુપાલક વહેલી સવારે પોતાના તબેલામાં દૂધ કાઢવા ગયા હતા ત્યારે અચાનક હડકાયા કુતરાએ પશુપાલક પર હુમલો કર્યો હતો અને હાથ પર ગંભીર ઈજાઓ પહોંચાડી પશુપાલકને લોહીલુહાણ કરી દીધો હતો. અચાનક થયેલા હુમલાથી ડગાઈ ગયેલા પશુપાલકે બુમાબુમ કરતાં ગ્રામજનો દોડી આવ્યા હતા અને કુતરાની ચુંગાલમાંથી પશુપાલકને બચાવી લીધો હતો. જ્યારે તબેલામાં બાંધેલી બે ગાયોને પણ કુતરાએ ઝપટમાં લેતાં બે ગાયોને પણ ઈજાગ્રસ્ત કરી દીધી હતી. ૭

ાામ લોકોના ટોળેટાળા ઉમટતા હડકાયું કુતરૂ સીમમાંથી ગામ તરફ ધસી આવ્યુ હતું અને ગામમાં પુંજારા કુબાજી પોતાના ઘરઆંગણે કામ કરતાં હતા ત્યાં જ હડકાયા કુતરાએ હુમલો કરી વૃદ્ધને જમીન પર પાડી દઈ શરીર પર ઈજાઓ પહોંચાડી હતી. ગામમાં વહેલી સવારે હડકાયા થયેલા કુતરાના આતંકથી ગ્રામજનોમાં ફફડાટ ફેલાઈ ગયો હતો. અને ગામમાં અફડાતફડીનો માહોલ ફેલાઈ ગયો હતો. ઈજાગ્રસ્તોને મેઢાસણ સાર્વજનિક દવાખાનામાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જ્યારે હડકાયા કુતરાને ગ્રામજનોએ મારી નાખતાં ગામલોકોએ રાહતનો શ્વાસ લીધો હતો.



# અરવલ્લી-સાબરકાંઠાના ખરીદ કેન્દ્રો પર ૪૫ કરોડની મગફળી ટેકાના ભાવે ખરીદાઈ

## એક લાખ ટન ક્વિન્ટલ ઉપરાંત મગફળી જથ્થો ખરીદાતા ખેડૂતોને રાહત : હજુ પણ ખરીદી ચાલુ

મોડાસા, તા. ૧૧

અરવલ્લી જિલ્લાના પાંચ અને સાબરકાંઠાના પાંચ મળી બન્ને જિલ્લાઓમાં થઈ દસ ખરીદી કેન્દ્રો ઉપર ૨૩ દિવસમાં ૪૫ કરોડની એક લાખ ટન મગફળી ટેકાના ભાવે ખરીદાઈ છે. હજુ પણ આ ખરીદ કેન્દ્રો ઉપરાંત આજથી નવા શરૂ થયેલા અરવલ્લીના મોડાસા તાલુકાના ટીટોઈમાં સબ યાર્ડ ખાતેના ખરીદ કેન્દ્ર સહિત તમામ કેન્દ્રોમાં મગફળી ખરીદવાનું ચાલુ જ હોઈ ખેડૂતોને તેનો લાભ લેવા જણાવાયું છે.

અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લાની પ્રજા માટે જીવાદોરી સમાન સાબરડેરી મારફતે આ વર્ષે ખેડૂતોના હિતમાં નિર્ણય લઈ નવો અભિગમ અપનાવી જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘ દ્વારા બંને જિલ્લાઓમાં ૧૦ ખરીદ કેન્દ્રો પર મગફળી ખરીદી શરૂ કરાતા મગફળી પકવતા ખેડૂતોમાં રાહતની લાગણી જન્મી છે.

સાબરડેરીના ચેરમેન જેઠાભાઈ પટેલ અને બોર્ડ ઓફ ડિરેક્ટર્સ દ્વારા આ વર્ષે ખેડૂતના હિતને ધ્યાને લઈ મગફળી ખરીદીનો અભિગમ દાખવતા આશીર્વાદરૂપ નીવડ્યો છે. સાબરકાંઠા જિલ્લા સહકારી ખ.વે. સંઘના ચેરમેન જયંતિભાઈ પટેલે સંઘનો સ્ટાફ મુકીને બધા જ ખરીદ કેન્દ્રો ઉપર છેલ્લા ૨૩ દિવસથી ટેકાના ભાવે મગફળી કરીદી ચાલુ રાખવાથી બજારમાં નીચા જતા મગફળીના ભાવ સાથે ખેડૂતો ટેકાના ભાવનું રક્ષણ મળ્યું છે.

ગઈકાલ સુધીના છેલ્લા ૨૩ દિવસમાં બન્ને જિલ્લામાં ૧૦ ખરીદ કેન્દ્રો ઉપર થઈ રૂ. ૪૫૫૨૫૪૭૮૧ની ખરીદી કરવામાં આવી છે.



પ્રસિદ્ધ યાત્રાધામ શામળાજીમાં શ્રી મંગલધામ આશ્રમ ખાતે શનિ-શિંગણાપુરવાલા શ્રી શનિદેવ તથા હનુમાનજીની મૂર્તિઓની પ્રાણ પ્રતિષ્ઠા આશ્રમના મંગલદાસ મહારાજના સાનિધ્યે આજે શનિવારે ઉમંગભેર સંપન્ન થઈ હતી. આ પાવન અવસરે ભાવિકોએ ઉમટી પડીને દર્શનનો લ્હાવો લીધો હતો.




અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં કાર્યરત સાબરકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેન્કના ચેરમેન મહેશભાઈ પટેલને આજરોજ દિલ્હી ખાતે દેશના વિભિન્ન રાજ્યોના સહકાર સહીત વિવિધ વિભાગોના અધિકારીઓ અને પદાધિકારીઓની ઉપસ્થિતિમાં યોજાયેલા એક સમારોહમાં પીએફઆરડીએના ચેરમેનના હસ્તે અટલ પેન્શન એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. જેને બંને જિલ્લાઓના સહકારી આગેવાનો કાર્યકરોએ આવકારી અભિનંદન પાઠવ્યા હતા.

# બાંઠીવાડા ગામે જે.કે.એમ.એમ. ફાયનાન્સનો કર્મી લૂંટાયો

## લૂંટારૂઓ ફરાર : લૂંટારૂઓએ સોનાના દાગીના સહિત ૩૫ હજારની લૂંટ બાંઠીવાડા ગામેથી પસાર થતાં વાહનચાલકોમાં ભયનો માહોલ

મેઘરજ, તા. ૧૧

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના બાંઠીવાડા ગામે થઈ જેકેએમએમ ગોધરા ખાતે ફાયનાન્સ કંપનીમાં નોકરી કરતા માલપુર તાલુકાના ગાજણના રહીશ પોતાના વાહનમાં પરિવાર સાથે મેઘરજ આવતા હતા તે અરસામાં બાંઠીવાડા પ્રા. શાળા પાસે કોઈ અજાણ્યા ઈસમો સાથે બોલાચાલી થતાં અજાણ્યા ઈસમોએ ગાજણના પરિવારને માર મારી લુંટી લેતાં ફાયનાન્સ કર્મચારીએ મેઘરજ પોલીસ મથકે લુંટની ફરિયાદ નોંધાવતા ચકચાર મચી જવા પામી છે.

ગાજણના રહીશ અજયસિંહ પદમસિંહ ચૌહાણ જેઓ ગોધરા ખાતે જેકેએમએમ ફાયનાન્સ કંપનીમાં કોમ્પ્યુટર ઓપરેટર તરીકે ફરજ બજાવે છે. અને જેઓ શનિવારના રોજ સવારે અગિયાર વાગ્યાના અરસામાં પોતાના પરિવાર સાથે અરટીગા ગાડી લઈ ગાજણથી મેઘરજ આવી રહ્યા હતા તે અરસામાં બાંઠીવાડા પ્રા. શાળા પાસે રોડ ઉપર પાઈપ લાઈન નાખવાનું કામ ચાલુ હતુ અને રોડ સાઈડે બંને બાજુ ખોદકામ ચાલુ હતુ જેથી વાહનોનું ટ્રાફિક જામ થયું હતું અને થોડીવાર બાદ ટ્રાફિક હળવું થતાં ખોદકામ કરતાં ઈસમોએ અજયસિંહને બિભત્સ ગાળો બોલી ગાડી લઈ ઝડથી જવા કહેતા પદમસિંહ પોતાની ગાડીમાંથી નીચે ઉતરી આ ઈસમોને ગાળો બોલવાની ના પાડતાં આ ઈસમ દોડીને અજયસિંને ગડદા પાટુનો માર મારવા લાગ્યો હતો અને તેવામાં આ ખોદકામ કરતાં બીજા અન્ય નવ જેટલા ઈસમો પણ અજયસિંહના પરિવાર ઉપર તુટી પડ્યા હતા અને લાપોટ ઝાપોટ કરી માર માર્યો હતો અને જપાજપીમાં અજયસિંહના ગળામાંથી સોનાના પેન્ડલ સાથેનો અઢી તોલાનો દોરો કિંમત રૂ. ૨૦ હજાર અને અજયસિંહના બાપુજી પણ બચાવવા માટે ઝઘડામાં પડતાં તેમના ગળામાંથી એક તોલાનો સોનાનો દોરો કિંમત રૂ. ૧૦ હજાર અને તેમના બાપુજીના ઉપરના ખીસ્સામાં મુકેલા રૂ. ૫૦૦૦ની રોકડ રકમ લુંટી લીધી હતી. આથી તેમણે ૧૦૦ નંબર ડાયલ કરી પોલીસની મદદ માંગતા પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી. આ ઘટના અંગે લુંટાયેલ ગાજણના રહીશ અજયસિંહ પદમસિંહ ચૌહાણે મેઘરજ પોલીસ મથકે અજાણ્યા ઈસમોને સામે લાવવામાં આવે તો ઓળખી બતાવવાનું જણાવી અજાણ્યા ઈસમો સામે કુલ રૂ. ૩૫ હજારની લુંટની ફરિયાદ નોંધાવતા મેઘરજ પોલીસે લુંટની ફરિયાદ નોંધી લુંટ કરનાર ઈસમોને ઝડપી પાડવા પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે.




અરવલ્લી જિલ્લામાં પણ આજે ગ્રામ પંચાયતની ચૂંટણીના ઉમેદવારી ફોર્મ ભરવાના છેલ્લા દિવસે મોડાસા સહિત જિલ્લાના ૬ તાલુકા મથકોએ સરપંચ તેમજ વોર્ડ સભ્યોના ફોર્મ ભરવા મોટો ધસારો રહ્યો હતો. ઉલ્લેખનીય છે કે જિલ્લામાં ૧૯૮ ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણી આગામી ૨૭મી નવેમ્બરે યોજાવાની છે.

# બનાસ ડેરીની સભામાં મંત્રી શંકરભાઈ ચૌધરીએ સૌનો જાહેર આભાર વ્યક્ત કર્યો

પાલનપુર, તા. ૧૧

બનાસ ડેરીની સભામાં પધારેલ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ગલબાકાકાને શત શત નમન કરી તેમની જન્મ શતાબ્દીનો શુભારંભ કરાવવા બદલ બનાસ ડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરીએ વડાપ્રધાનનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો છે. મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને મંચસ્થ તમામ મંત્રીઓનો તથા આગેવાનોનો ચેરમેને અને નિયામક મંડળના સભ્યો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કર્યો છે.

બનાસ ડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરીએ આ પ્રસંગે સમગ્ર ઉત્તર ગુજરાતના ખૂણેખૂણાથી ઉમટી પડેલ આમંત્રિત મહેમાનો, ખેડૂતો/ પશુપાલકો તથા જનતાનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો છે. આ પ્રસંગનો ગલબાકાકા સભામંડપ અંદાજે ૨.૨૫ લાખથી વધુ જન મેદનીથી ખીચોખીચ ભર્યો હતો. આભાર વ્યક્ત કરતાં શંકરભાઈ ચૌધરીએ જણાવેલ કે ખેડૂતો/ પશુપાલકો અને પ્રજાએ આમારા સંકલ્પમાં સાથ સહકાર આપી ઉમળકાભેર સમય કરતાં પણ વહેલા પધારી કાર્યક્રમની ગરીમા વધારી છે. સંપૂર્ણ કાર્યક્રમ દરમિયાન આપનો ઉત્સાહ અને ધીરજ રાખી આમારા મનોબળને મજબૂત બનાવ્યો છે, તે માટે આપ સૌનો કાયમી ઋણી રહીશ. દૂધ મંડળીના ચેરમેનો, વ્યવસ્થાપક કમીટીના સભ્યો, મંત્રીઓ, સૌ ખેડૂતો અને પશુપાલકોને આ કાર્યક્રમ સફળ બનાવવા બદલ લાખ લાખ અભિનંદન પાઠવું છુ.

# હિંમતનગરમાં આર્મીની ભરતી માટે ત્રણ દિવસમાં ૮૦૦૦ ઉમેદવારો સામેલ થયા

હિંમતનગરના સાબર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સમાં સોલ્જર જનરલ ડ્યુટી, સોલ્જર ક્લર્ક/સ્ટોર કીપર ટેકનિકલ, સોલ્જર ટ્રેડ્સમેન અને સોલ્જર ટેકનિકલ, સોલ્જર નર્સિંગ આસિસ્ટન્ટ અને ધાર્મિક શિક્ષકો (જેસીઓ) કેટેગરી માટે સૈન્ય ભરતી મેળો ચાલી રહ્યો છે. ૮ ડિસેમ્બરથી શરૂ થયો છે અને ૨૦ ડિસેમ્બર, ૨૦૧૬ સુધી ચાલશે. ગુજરાતના ૨૧ જિલ્લાનાં ઉમેદવારો મેળામાં પસંદગી માટે હાજર થઈ રહ્યાં છે. મેળા માટે ૬૦,૫૮૦ ઉમેદવારોએ ઓનલાઈન નોંધણી કરાવી છે, જે એક વિક્રમ છે અને તેના પગલે આ ગુજરાતમાં અત્યાર સુધી આ પ્રકારના ભરતી મેળામાં સૌથી વધુ ઉમેદવારો ઉમટી પડ્યાં છે. અત્યાર સુધી ભરતી મેળામાં પ્રથમ ત્રણ દિવસમાં ૮૫૦૦ ઉમેદવારો પસંદગી પ્રક્રિયામાંથી પસાર થયા છે અને દરરોજ ઉમેદવારોની સંખ્યા વધી રહી છે.